# પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ, વર્તુળ કચેરી, જામનગર

| લોક દરબાર તારીખ : ૨૨.૦૪.૨૦૧૬ શુક્રવાર | સ્થળ : કલેકટરશ્રીની કચેરી, ખંભાળીયા | સમય : ૧૦.૩૦ કલાકે | તાલુકો : ખંભાળીયા |
|---|---|---|---|

તા.૨૨.૦૪.૨૦૧૬ ના રોજ ખંભાળીયા મૂકામે સરકારશ્રી દ્વારા માનનિય રાજ્યકક્ષાના મંત્રીશ્રી મંગુભાઇ પટેલ ની હાજરીમાં યોજાયેલ "લોક સંવાદ સેતુ - લોક દરબાર" અંતર્ગત રજુ થયેલ પ્રશ્ન/રજુઆતની વિગતો:

(પ્રગતિ અહેવાલ તા.૧૫.૦૫.૨૦૧૬)

| પ્રશ્ન નંબર | અરજદારશ્રી નું નામ | પ્રશ્નની ટુંકી વિગત | અમલીકરણ અધિકારી / ખાતાના વડાશ્રીનો પ્રશ્ન નિકાલ અંગેનો જવાબ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧૯ | શ્રી રાજશીભાઇ કેશુરભાઇ ગોજીયા | નવું ૬૬ કેવી જુવાનગઢ સબ સ્ટેશન કયારે શરૂ થશે તે બાબત | નવુ જુવાનગઢ ૬૬ કેવી સબ સ્ટેશન માટેની ૬૬ કે.વી. લાઇન ઉભી કરવા માટે સ્થાનિક ગામોના ખેડુતો દ્વારા વાંધો ઉઠાવેલ હોવાથી આ સબ સ્ટશેનનુ કામ પુર્ણ થયેલ નથી તે વાંધો દુર થયેથી આ સબ સ્ટેશન ચાલુ થઇ શકશે. | પડતર / જેટકો |
| ૨૨ | શ્રી રાજશીભાઇ કેશુરભાઇ ગોજીયા | વડત્રા પેટા વિભાગીય કચેરી હેઠળની વીજ લાઇનોના જુના જર્જરીત વીજ વાયર બદલવા બાબત | વડત્રા પેટા વિભાગીય કચેરી હેઠળના જુદા જુદા વિસ્તારોમાં ચાલુ વર્ષે કુલ ૪૦૭ કીમીની ભારે દબાણની વીજ લાઇનો અને ૧૯૬ કી.મી. ની હળવા દબાણની વીજલાઇનોનુ સમારકામ પુર્ણ કરેલ છે. તેમજ સદર કામગીરી સતત ચાલુ રહેતી પ્રક્રિયા છે. તથા તબક્કાવાર અને તાંત્રીક રીતે જરૂરિયાતને અગ્રતા આપી કાર્યવાહી કરવામાં આવશે. | નિકાલ |
| ૫૩ | શ્રી મુરૂભાઇ પાલાભાઇ ગમારા | ઘરવપરાશના રૂ.૧૦૫૫૬.૮૫ ના વીજબીલ બાબત | શ્રી મુરુભાઇ પાલાભાઇ ગમારાની ઘરવપરાશના વીજબીલની રજુઆતના અનુસંધાને સદર વીજમીટરને ગ્રાહકની હાજરીમાં તા.૨૮.૦૧.૨૦૧૬ના રોજ બદલાવીને તા.૦૨.૦૨.૨૦૧૬ના રોજ ગ્રાહકના પ્રતિનિધીશ્રી રાજાભાઇ મુરૂભાઇ ગમારાની હાજરીમાં સદર મીટરનું પરિક્ષણ મીટર | નિકાલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ટેસ્ટીંગ લેબોરેટરી, ખંભાળીયામાં કરેલ છે. જે મીટર બરાબર છે. પરંતુ તેમા ૧૭૪૯ યુનિટ પેન્ડીંગ નિકળતા તેટલા યુનિટનું વિજબીલ આપવામાં આવેલ છે. | |
| ૫૪ | શ્રી રવજીભાઇ ખીમાભાઇ | શકિતનગર, ઘરમપુર, રામનગરમાં જયોતિગ્રામ યોજના હેઠળ પાવર મળવા બાબત | સદર રજુઆતના અનુસંધાને શકિતનગર, ઘરમપુર, રામનગર એ ખંભાળીયા શહેર બહારનો વિસ્તાર છે. સદર વિસ્તારમાં કંપનીના પ્રવર્તમાન નિયમાનુસાર ખેતીવાડી વિસ્તારમાં ખેતીવાડી ફીડરમાંથી ઘરવપરાશ હેતુનાં વિજજોડાણો આપવામાં આવે છે. આ ખેતીવાડી ફીડરોમાં દિવસમાં આઠ કલાક થ્રી ફેઝ અને બાકીના ૧૬ કલાકના સમય દરમ્યાન **“Special Designed Transformer”** દ્વારા સિંગલફેઝ વિજપુરવઠો કે જેનો ઘરવપરાશમાં ઉપયોગ થઇ શકે તે હેતુથી આપવામાં આવે છે. | નિકાલ |
| ૬૨ | શ્રી પ્રવિણભાઇ કરશનભાઇ માતંગ | બી.પી.એલ યોજનામાં વિજ કનેકશન આપવા બાબત | ઝુપડપટ્ટી સ્કીમ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં તેમના ધારાધોરણ મુજબ તાલુકા પંચાયત દ્વારા આપવામા આવતી ભલામણના આધારે તથા શહેરી વિસ્તારમાં નગરપાલિકા/મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતી ભલામણના આધારે ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેણાંકના હેતુ માટે સરકારશ્રીની ગ્રાન્ટમાંથી વીજ કનેકશન આપવામાં આવે છે. | નિકાલ |
| ૭૭ | શ્રી દીલીપભાઇ એન. નકુમ | ઘરમપુર ગામમાં હેલ્પર મુકવા બાબત | સદર ઘરમપુર ગ્રામ પચાયતનો વિસ્તાર ખંભાળીયા ટાઉન પેટાવિભાગીય કચેરી હેઠળ આવે છે. આમ, સદર તમામ વિસ્તારમાં વીજ ફોલ્ટ નિવારવાની કામગીરી ખંભાળીયા શહેરના ફરિયાદ વિભાગ કે જે ૨૪ કલાક ચાલુ રહે છે તેના ફરજ ઉપરના કર્મચારીઓ દ્વારા વીજ વિક્ષેપનુ નિવારણ કરવામાં આવે છે. | નિકાલ |
| ૯૨ | શ્રી રાજશીભાઇ ભીખાભાઇ | મહાદેવીયા ગામના વાડી વિસ્તાર માં અવારનવાર ફોલ્ટ થવા બાબત તથા લાઇનના સમારકામ | મહાદેવીયા ખેતીવાડી ફીડરમાં અવારનવાર લાઇન ફોલ્ટ અને સમારકામ બાબતે તા.૨૮.૦૩.૨૦૧૬ના રોજ નાયબ ઇજનેરશ્રીએ અરજદારશ્રી રાજશીભાઇ ભીખાભાઇની હાજરીમાં સર્વેક્ષણ કરેલ છે અને સદર કામગીરી | નિકાલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | બાબત. | કરવા માટેની તાંત્રીક મંજુરી મળેલ છે. સદર કામગીરી તા.૧૪.૦૪.૨૦૧૬ ના રોજ પુર્ણ કરેલ છે. આમ, પ્રશ્નનું સુખદ નિરાકરણ થયેલ છે. | |
| ૯૪ | શ્રી નાગાજણ કે જામ | સૌરઉર્જા પંપ હેઠળ નબળી ગુણવતાવાળા પંપ તથા બ્રાઇટ સોલાર કંપનીની નબળી કામગીરી બાબત | (૧) સૌરઉર્જા આધારીત પંપસેટ લગાડવાની કામગીરી સરકારશ્રીના ધારાધોરણ મુજબ પીજીવીસીએલની નિગમીત કચેરી દ્વારા વિવિધ એજન્સીઓને આપવામાં આવેલ વર્ક ઓર્ડરના અનુસંધાને જે ખેડુતોએ સદર યોજનામાં નાણા ભરપાઇ કર્યા છે, તેમના સ્થળ ઉપર નક્કી કરેલ કંપની દ્વારા સોલાર પંપસેટ લગાડવાનુ કામ માલમટીરીયલ સાથે પુર્ણ કરવામાં આવે છે. સદર કામગીરી કરતા પહેલા માલસામાનની ગુણવતાની ચકાસણી કરવામાં આવે છે. જેથી ગુણવતાસભર કામગીરી થઇ શકે.<br>(૨) સૌર ઉર્જા સંચાલિત પંપ સેટનુ કામ કરતી બ્રાઇટ સોલાર કંપની સાથેનો કામગીરી કરવાનો કરાર હાલમાં નિગમીત કચેરી દ્વારા રદ કરેલ છે. અને નબળી ગુણવતા વાળા માલસામાનને વર્ક ઓર્ડર મુજબ બ્રાઇટ સોલાર કંપની દ્વારા બદલી આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. | નિકાલ |
| ૯૮ | શ્રી ભાવિનભાઇ ડી. નકુમ – ખંભાળીયા | પીજીવીસીએલ દ્વારા કરવામાં આવતા વિજચેકીંગ બાબત. | વિજ ચેકિંગની કાર્યવાહી વિજ ફિડરોના વિજલોસને ધ્યાનમાં રાખીને કાયદેસરના ગ્રાહકોને પુરતા દબાણથી અને સાતત્યપુર્વક વીજપુરવઠો મળી રહે તે હેતુ સબબ વીજ ચેકીંગની કાર્યવાહી નિયમાનુસાર કરવામાં આવે છે. | નિકાલ |
| ૯૯ | શ્રી પીઠાભાઇ નગાભાઇ આંબલીયા | નવા મંજુર થયેલ ખેતીવાડી વીજ જોડાણમાં ફાઇવ સ્ટાર મોટર પંપ લેવા તથા અલગ અલગ કારણસર બનેલ વિજઅકસ્માતની જાણકારી બાબત | પીજીવીસીએલ કંપની દ્વારા નવા મંજુર થયેલ ખેતીવાડી વીજ જોડાણમાં ૭.૫ હો.પા. સુધીના વીજજોડાણોમાં ફાઇવ સ્ટાર રેટેડ પંપ સેટ સાથે રીલીઝ કરવાના હેતુસર કાર્યક્રમ કાર્યરત છે. પરંતુ જો કોઇ અરજદારોએ વીજ જોડાણ મંજુર થયા પહેલા પંપ સેટ ખરીદી લીધેલ હોય, તેમજ હાલ તેમની પાસે હયાત હોય, તેવા અરજદારોની રજુઆત મળ્યે સદર યોજનાનો વૈકલ્પિક ધોરણે મરજિયાતપણે અમલ કરવાની સુચના આપવામાં આવેલ છે.<br>તા.૨૨.૨.૧૬ ની સ્થિતિએ અકસ્માતના બનાવ પૈકી છેલ્લા ત્રણ વર્ષમાં | નિકાલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કોર્ટ કેસ થયેલ ન હોય તેવા માનવના કુલ ૧૧ કિસ્સામાં અકસ્માતનો ભોગ બનેલ વ્યકિતના વારસદારને પ્રથમ હપ્તા પેટે દરેકને રૂ.૫૦,૦૦૦/- નું વળતર ચુકવી આપવામાં આવેલ છે તથા પ્રાણીઓના કુલ ૭ કિસ્સામાં પણ વળતરનો પ્રથમ હપ્તો ચુકવી આપવામાં આવેલ છે. | |
| ૧૦૨ | શ્રી હેમંતભાઇ સામતભાઇ આંબલીયા | લોક દરબારના પ્રશ્ન બાબત તથા જયોતિગ્રામ યોજનામાં પાવરમાં થતી વધઘટને કારણે નુકશાન થવા બાબત. | તા.૧૯.૦૮.૨૦૧૫ના રોજ જામ-ખંભાળીયા ખાતે યોજાયેલ લોક દરબારમાં રજુ થયેલ ૭૬ પ્રશ્નમાંથી ૭૪ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવેલ છે તેમજ જામનગર સર્કલનું વિભાજન અને એક સર્વે નંબરમાં બિજુ ખેતીવાડી વીજજોડાણ અંગેના બે પ્રશ્નો નિતિવિષયક હોય, પડતર છે. વધુમાં જયોતિગ્રામ યોજના વર્ષ ૨૦૦૫-૦૬ થી અમલમાં આવેલ છે. પાવરની વધઘટ થાય તેવા કિસ્સામાં સ્થળ તપાસ કરીને નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે છે. | નિકાલ |
| ૧૦૭ | શ્રી ગિરીશભાઇ ગોજીયા – કોઠા વિસોત્રી | પીજીવીસીએલ દ્વારા વિજબીલની બાકી રહેતી રકમ વસુલવા તથા નવા વિજજોડાણો નિયત સમયમાં આપવા બાબત. | જો કોઇ ગ્રાહક દ્વારા ગુજરાત વિજનિયમન પંચ દ્વારા નિયત કરેલ સમયમર્યાદામાં વિજબીલની રકમ ભરપાઇ કરવામાં ન આવે તો સદર વિજગ્રાહકનું વિજજોડાણ કાપવામાં આવે છે અને બાકી રહેલી રકમ પર ગુજરાત વિજનિયમન પંચ દ્વારા નિયત કરેલ વિલંબિત ચુકવણી ચાર્જ વસુલ કરવામાં આવે છે. વધુમાં, પી.જી.વિ.સી.એલ. કચેરીમાં અરજદાર દ્વારા કરવામા આવતી જુદા જુદા પ્રકારની અરજીઓના નિકાલ અને નવા વિજજોડાણો આપવા માટે માનનીય ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા STANDARD OF PERFORMANCE (SOP) મુજબની સમય મર્યાદા નક્કી કરવામા આવેલ છે. આ સમય મર્યાદા મુજબ કાર્યવાહી કરવા માટે દરેક પેટા વિભાગીય કચેરીને કડક સુચના આપવામા આવેલ છે. આ સમય મર્યાદાની માહીતી દરેક પેટા વિભાગીય કચેરીએ ઉપલબ્ધ છે. | નિકાલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫૦ | શ્રી હમીરજી કાનાજી જાડેજા – કબર વિસોત્રી | ઘરવપરાશના વિજ કનેકશન (ગ્રાહક નં.૮૮૯૬૦-૦૦૦૪૦-૦) ની રકમ લોક અદાલતમાં ભરપાઇ કર્યા બાદ પણ પીજીવીસીએલ ખાતે બાકી બોલે છે તે બાબત. | શ્રી હમીરજી કાનાજી જાડેજાની રજુઆત ના અનુસંધાને ગ્રાહક નં.૮૮૯૬૦-૦૦૦૪૦-૦ નો ઓફીસ રેકોર્ડ તપાસતા, સદર ગ્રાહક નું તા.૦૨.૦૩.૨૦૦૯ ના રોજ રૂ.૭૩૨૪/- લેણી રકમ હોય, સદર કનેકશનને કાયમી ધોરણે રદ કરેલ. વધુમાં તપાસ કરતા સદર વિજગ્રાહકમાં પીડીસી થયા બાદ લોક અદાલતમાં સમાધાન થયેલ હોવાનું કે કોઇ રકમ ભરપાઇ કરેલ હોવાનું માલુમ પડતું નથી. | નિકાલ |
| --- | શ્રી કાળુભાઇ એન.ચાવડા – પ્રમુખશ્રી, ભાજપા, દેવભૂમિ દ્વારકા જિલ્લો | (૧) ખેતીવાડી ફિડરોમાં સેકશનમાં એબી સ્વીચો મુકવા અંગે<br><br>(૨) બજાણા ખેતીવાડી ફીડરમાં પુરા વોલ્ટેજથી વિજપુરવઠો ન મળતો હોવાથી ફીડરનું બાયફર્ગેશન કરવા અંગે અને વાયરો બદલવા તથા સમારકામ કરવા બાબત. | (૧) ખંભાળીયા વિભાગિય કચેરી હેઠળ કુલ 52 ખેતીવાડી વિજફીડરો આવેલા છે. તેમાં સલામતી ખાતર તેમજ ફોલ્ટ એટેન્ડ કરવા માટે સેકશન વાઇઝ સ્વીચો મુકવામાં આવે છે. વધુમ, જણાવવાનું કે, ટ્રાન્સફોર્મર બદલતી વખતે, લાઇન ફોલ્ટ રીપેર કરવા માટે, નવા કનેકશનની કામગીરી કરવા વગેરે અલગ અલગ કામગીરીને ધ્યાને રાખી વિજપુરવઠો સલામતી ખાતર કોઇ અકસ્માત ન બને તે માટે બંધ રાખવામાં આવે છે. આમ છતાં પણ જરૂર જણાય ત્યાં હજુ પણ સ્વીચો મુકવાની કામગીરી ચાલુ છે, જે સતત ચાલુ રહેતી પ્રક્રિયા છે, જેથી કરીને ખેતીવાડી ફીડર ઓછા સમય માટે બંધ થાય તે માટેના તમામ પ્રયત્નો કરીને વિજપુરવઠાનો સાતત્ય જાળવવામાં આવે છે,<br><br>(૨) બજાણા ફીડરમાંથી શહેર વિભાગના આશરે ૨૫ નંગ ટ્રાન્સફોર્મર શક્તિનગર ખેતીવાડી ફીડરમાં ફેરવવામાં આવેલ છે. તેમજ બાકી રહેતા આશરે ૧૨ ગ્રુપને શક્તિનગર ફીડરમાં ફેરવવાનુ કામ તા. ૧૫.૦૫.૨૦૧૬ ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે. હાલમાં બજાણા ખેતીવાડી ફીડરમાં મહતમ વીજભાર ૨૧૦ એમ્પીયર ઓક્ટોબર-૨૦૧૫ દરમ્યાન નોંધાયેલ હતો. આમ, ઉપરોકત ખેતીવાડી ગ્રુપ શક્તિનગર ફીડરમાં ફેરવ્યા પછી | નિકાલ<br><br>નિકાલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | આશરે ૪૫ એમ્પીયર જેટલો લોડ બજાણા ફીડરમાંથી ઓછો થશે. વધુમાં જણાવવાનું કે, ૧૧ કેવી બજાણા ફીડર સરકારશ્રીની એચવીડીએસ યોજના અંતર્ગત દરેક ખેતીવાડી ગ્રાહકને ત્યાં સ્વતંત્ર ટ્રાન્સફોર્મર મુકી ખેડૂતોને ગુણવતાસભર પુરતો વિજપુરવઠો મળી રહે તે માટે વર્ષ ૨૦૧૬-૧૭ માં મંજુર થયેલ છે. જેમાં હયાત એલટી લાઇનન વાયરો બદલાવીને એચટી લાઇન કરવામાં આવશે. આમ, ઉપરોકત કામગીરી પુર્ણ થયા બાદ વોલ્ટેજના પ્રશ્નોનું નિરાકરણ થશે. | |
| --- | શ્રી કાનજીભાઇ લીરાભાઇ નકુમ – મુ.રામનગર – ખંભાળીયા | ખેતીવાડી વિજજોડાણનું વિજચેકીંગ કરીને ખોટી રીતના આકારણી બીલ આપવા બાબત | સદર રજુઆત અનુસંધાને જણાવવાનું કે, તા.૩૧.૧૨.૨૦૧૫ ના રોજ અરજદારશ્રીના ગ્રાહક નં.૩૨૦૦૨-૧૦૮૮૫-૪ વાળા ખેતીવાડી વિજજોડાણમાં વિજચેકીંગ કાર્યવાહી દરમ્યાન સદર જગ્યાએથી પાણીના ટેન્કર ભરીને અન્ય જગ્યાએ વેંચાણ થતું હોવાનું જણાતા, જે વાણિજ્યક વપરાશ હોય, વિજ-અધિનિયમ-૨૦૦૩ ની કલમ-૧૨૬ હેઠળ કામચલાઉ આકારણી બીલ આપવામાં આવેલ હતું. જેની સામે નિયત સમયમર્યાદામાં અરજદાર દ્વારા વાંધા અરજી રજુ ન કરાતા તા.૧૯.૦૨.૨૦૧૬ ના રોજ આખરી આકારણી બીલ પાઠવવામાં આવેલ છે. | નિકાલ |